# ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગર્વનર ફીટ કરવા બાબત

## -: પ રિ પ ત્ર :-

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય,
પરિપત્ર ક્રમાંક :એમવીએ/સ્પીડ ગર્વનર/૪૮૨૦૧૫/૨૫/ ૬૧૦૫
તારીખ.૧૪-૮- ૨૦૧૫.

<u>વંચાણે લીધા:-</u>

(૧) અત્રેની કચેરીનાં પરિપત્ર ક્રમાંક-એમવીએ-સ્પીડ ગર્વનર-૨૦૬૯, તા.૧૮-૩-૧૪.
(૨) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, નવી દિલ્હીનાં પત્ર ક્રમાંક-આરટી ૧૧૦૨૮-૦૧-એમવીએલ, તા.૭-૫-૨૦૧૫.
(૩) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, નવી દિલ્હીનાં નોટીફીકેશન ક્રમાંક જીએસઆર-૨૯૦(ઇ) તા.૧૫-૪-૨૦૧૫.
(૪) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, નવી દિલ્હીનાં પત્ર ક્રમાંક-૧૧૦૧૭-૧૩-૨૦૧૫-એમવીએલ, તા.૨૫-૫-૨૦૧૫.

<u>આમુખ.</u>

વાહન અકસ્માતનું એક મોટુ કારણ વાહનોની અનિયંત્રિત ગતિ છે. આ બાબત ધ્યાને લઇને ધી સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ નાં નિયમ-૧૧૮ માં સ્પીડ ગર્વનર અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે <u>લીધા-૧</u> થી ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગર્વનર ફીટ કરવા માટે પરિપત્ર કરવામાં આવેલ. જે સૂચનાઓ રદ્દ કરીને વંચાણે લીધા-૨ થી નવું નોટીફીકેશન વંચાણે લીધા-૩ થી મોકલીને તા.૧-૧૦-૧૫ થી અમલ કરવા માટે જણાવેલ છે. હાલમાં વંચાણે <u>લીધા-૪</u> થી સ્પીડ ગર્વનર ફીટ કરવા બાબતે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ નાં નિયમ-૧૧૮ ની જગ્યાએ નવો નિયમ ૧૧૮ દાખલ કરેલ છે. આથી સદર નોટીફીકેશનનો ફરજીયાતપણે અમલ કરવા નીચે પ્રમાણેની સૂચનાઓ આપવામાં આવે છે.

<u>સૂચનાઓ.</u>

**૧.** દરેક ટ્રાન્સપોર્ટ વાહન કે જે મોટર વાહન એકટ, ૧૯૮૮ ની કલમ-૪૧ (૪) હેઠળ વર્ગીકૃત થયેલ હોય તેવા વાહનો કે જે તા.૧-૧૦-૧૫ નાં રોજ કે ત્યારબાદ ઉત્પાદિત થયેલ હોય તેવા વાહનોમાં મેન્યુફેકચરીંગ સ્તરે અથવા ડીલર સ્તરે વધુમાં વધુ ૮૦ કી.મી./ પ્રતિ કલાક પ્રી સેટસ્પીડ નકકી કરેલ હોય તેમજ એઆઇએસ ૦૧૮/૨૦૦૧ નાં ધારાધોરણ જળવાતાં હોય અને વખતો વખત તેમાં સુધારા થયેલ હોય તેવું સ્પીડ ગર્વનીંગ ડીવાઇસ લગાવેલું હોવું જોઇશે.

પરંતુ ટ્રાન્સપોર્ટ વાહનો જેવા કે,

૧. ટુ વ્હીલર્સ.
૨. થ્રી વ્હીલર્સ
૩. કવાડ્રીસાયકલ્સ
૪. ચાર પૈડાવાળા અને પેસેન્જર અને તેનાં લગેજને ખેંચવા માટે ઉપયોગમાં આવતા હોય અને તેની બેઠક ક્ષમતા ૮ પેસેન્જર કરતાં વધારે ન હોય તેવા એમ કેટેગરીનાં વાહન હોય (ડ્રાઇવર સીટ ઉપરાંત) અને જીવીડબલ્યુ ૩૫૦૦ કી.ગ્રા.થી વધુ ન હોય

૫. ફાયર ટેન્કર્સ.

૬. એમ્બ્યુલન્સ

૭. પોલીસ વ્હીકલ્સ

૮. અને ટેસ્ટીંગ એજન્સી ધ્વારા નિયમ-૧૨૬ મુજબ ૮૦ કી.મી./પ્રતિ કલાકથી વધુ સ્પીડ ન ધરાવતા હોય તે વેરીફાઇડ અને સર્ટીફાઇડ કરેલ હોય તેવા વાહનોને સ્પીડ ગર્વનર ફીટ કરવાનું જરુરી નથી.

૨. એવા ટ્રાન્સપોર્ટ વાહનો જેવા કે ડમ્પર્સ, ટેન્કર્સ, સ્કુલ બસીસ, ભયજનક માલનું વહન કરતા હોય અથવા એવી કેટેગરીનાં વાહનો કે જે કેન્દ્ર સરકાર ધ્વારા વખતો વખત ઓફીસીયલ ગેઝેટમાં નોટીફીકેશન ધ્વારા પ્રસિધ્ધ કરેલ હોય તેવા વાહનોમાં મેન્યુ. સ્તરે કે ડીલર સ્તરે વધુમાં વધુ ૬૦ કી.મી./પ્રતિકલાકનું સ્પીડ ગર્વનર ડીવાઇસ ફીટ કરેલુ હોવું જોઇશે તેમજ વખતો વખત સુધારેલું હોવું જોઇશે. સરળતા ખાતર કયા વાહનોમાં કઇ તારીખથી સ્પીડ ગર્વનર ફીટ કરવું તે અંગે નીચે પ્રમાણે કોષ્ટક રજુ કરેલ છે.

| ક્રમ | વાહનો | ધોરણ | પ્રીસેટ સ્પીડ કી.મી./ પ્રતિકલાક | અમલી તારીખ |
|---|---|---|---|---|
| ૧ | દરેક ટ્રાન્સપોર્ટ વ્હીકલ (સિવાયકે ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ, કોડ્રા સાઇકલ, ચાર પૈડાવાળા એમ-૧ કેટેગરીના પેસેન્જર વાહન (વધુમાં વધુ આઠ પેસેન્જર ડ્રાઇવર) અને જીવીડબલ્યુ ૩૫૦૦ કી.ગ્રા.થી વધુ ન હોય, ફાયર ટેન્કર્સ, એમ્બ્યુલન્સ, પોલીસ વ્હીકલ્સ, અને ટેસ્ટીંગ એજન્સી ધ્વારા માન્ય કરેલ હોય અને પ્રતિ કી.મી./પ્રતિકલાક ૮૦ કી.મી.થી વધુ સ્પીડ ન ધરાવતા હોય તેવા વાહનો | એઆઇએસ ૦૧૮/૨૦૦૧ | ૮૦ | ૧-૧૦-૧૫ ના રોજ કે ત્યારપછી ઉત્પાદીત થયલ વાહનોમાં |
| ૨ | ડમ્પર્સ, ટેન્કર્સ, સ્કુલ બસીસ, ભયજનક માલનું વહન કરતા હોય તેવા અથવા એવી કેટેગરીના વાહનો કે જે કેન્દ્ર સરકાર ધ્વારા વખતો વખત ઓફીશીયલ ગેઝેટમાં નોટીફીકેશન ધ્વારા પ્રસિધ્ધ કરેલ હોય | એઆઇએસ ૦૧૮/૨૦૦૧ | ૬૦ | ૧-૧૦-૧૫ ના રોજ કે ત્યારપછી ઉત્પાદીત થયલ વાહનોમાં |
| ૩ | ક્રમ-૧ મુજબના ટ્રાન્સપોર્ટ વાહનો કે જે તા.૧-૧૦-૧૫ પહેલાં નોંધાયેલ હોય અને સ્પીડ ગર્વનર ફીટ કરેલ ન હોય | એઆઇએસ ૦૧૮/૨૦૦૧ | વધુમાં વધુ ૮૦ અથવા તેનાથી ઓછી નકકી થાય તે | ૧-૪-૧૬ કે તે પહેલાં ફીટ કરવું. |
| ૪ | ક્રમ-૨ મુજબના ડમ્પર્સ, ટેન્કર્સ, સ્કુલ બસીસ, ભયજનક માલનું વહન કરતાં હોય તેવા વાહનો કે જે તા.૧-૧૦-૧૫ પહેલા નોંધાયેલ હોય અને સ્પીડ ગર્વનર ફીટ કરેલું ન હોય | એઆઇએસ ૦૧૮/૨૦૦૧ | વધુમાં વધુ ૬૦ અથવા તેનાથી ઓછી નકકી થાય તે | રાજય સરકાર નોટીફીકેશન બહાર પાડી નકકી કરે ત્યારથી |

૩. આથી તા.૧-૧૦-૧૫ નાં રોજ કે ત્યારબાદ ઉત્પાદિત થયેલ ટ્રાન્સપોર્ટ વાહનોમાં ઉત્પાદક સ્તરેથી ડીલર સ્તરેથી સ્પીડગર્વનર ફીટ કરેલું હોવું જોઇશે. આ બાબત આવા વાહનનાં ફીટનેશ /રજીસ્ટ્રેશન વખતે તમામ મોટર વાહન નિરીક્ષકશ્રીઓ સુનિશ્ચિત કરવાની રહેશે.

૪. અગાઉ તા.૩-૮-૨૦૦૯ થી રાજય સરકારે તાત્કાલીક નિયમ-૧૧૮ મુજબ જાહેરનામું બહાર પાડી નીચે પ્રમાણેના વાહનોમાં એઆઇએસ: ૦૧૮ સર્ટીફાઇડ સ્પીડ ગર્વનર ફીટ કરવાનું ઠરાવેલ છે.આ સ્પીડ ગર્વનર આ વાહનના માલીકોએ ફીટ કરાવી રજીસ્ટ્રીંગ ઓથોરીટીમાં ઇન્સ્પેકશન કરાવી પ્રમાણપત્ર મેળવવાનું રહે છે અને સ્પીડ ગર્વનરની ઉપર સંબંધીત આરટીઓ નું સીલ મારવાનું રહે છે. ફીટનેશ વખતે પણ આ બાબત સુનિશ્ચિત કરવાની રહે છે.

૧. શૈક્ષણિક સંસ્થાના પોતાની માલીકીની ઓમની બસો.

૨. શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાર હેઠળ વપરાતી કોન્ટ્રાક્ટ કેરેજ ઓમની બસો.

૩. શૈક્ષણિક સંસ્થાઓ માટે વિધ્યાર્થીઓને લઇ જવા માટે વપરાતી ટેક્ષીકે/મેક્ષીકેબ.

વધુમાં આ હેતુ માટે રાજ્ય સરકારે ઠરાવ ક્રમાંક-અમવીડી-૧૦૦ ક-સુરત-૧૧૯-નિ.અ.ટી.ખ, તા.૨૮-૧૨-૧૨ ~~જે નીચે પ્રમાણે~~ છે. ની સ્પીડ લીમીટ ઠરાવવામાં આવેલ છે.
જી નીચે પ્રમાણે

| ક્રમ | વાહનનો પ્રકાર | વધુમાં વધુ સ્પીડ પ્રતિ કી.મી. પ્રતિ કલાક | | |
|---|---|---|---|---|
| | | શહેરી વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર અથવા શહેરી વિસ્તાર સિવાયનો વિસ્તાર | અન્ય વિસ્તારો જેવા કે હીલવાળો/ઘાટ વિસ્તાર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શૈક્ષણિક સંસ્થાના પોતાની માલીકીની બસો. | ૫૦ | ૫૦ | ૪૦ |
| ૨ | શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાર હેઠળ વપરાતી કોન્ટ્રાક્ટ કેરેજ ઓમની બસો. | | | |
| ૩ | શૈક્ષણિક સંસ્થાઓ માટે વિધ્યાર્થીઓને લાવવા લઇ જવા માટે વપરાતી ટેક્ષીકેબ/મેક્ષીકેબ. | | | |

ઉકત સૂચનાઓનું ચૂસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

૨૩/૦૯/૧૫
ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી.
(૨) તમામ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રી.
(૩) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગાંધીનગરને જાણ સારુ.
(૪) દફતરી ફાઇલ.
~~(૫)~~ ડી.એ.શાખાને જાણ તથા અમલ સારુ.
(૬) પીઆરઓશ્રીને જાણ સારુ.

સુરબિયા:પરીપત્ર-૨૦૧૦:૧૩૬:

Akhil Gujarat Truck Transport Association

R: 28.9.15